## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તલાટીએ કામ શુ કરવાનુ હોય તે પછી જાણજે... અત્યારે તો એક્ઝામમાં પાસ થવા પર ભાર દે...



ઝાયડસ કેન્સર સેન્ટર, અમદાવાદ અને માતુલ્ય વુમન્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ મલ્ટી સુપર સ્પેશિયાલિટી કેમ્પમાં આશરે ૫૦ થી વધારે દર્દીઓએ ભાગ લીધેલ હતો જેમાં તેઓને જરૂરી માર્ગદર્શન ડૉક્ટરો દ્વારા પુરૂ પાડવામાં આવ્યુ હતુ.

# કોબા રહેતા મીકેનિકલ એન્જીનિયર સાથે રૂ.૩.૬૧ લાખની છેતરપિંડી

## માયમંત્રાના અધિકારી તરીકે ઓળખ આપી યુવક પાસે રસ્ટ ડેસ્ક રીમોટ ડેસ્કટોપ એપ્લીકેશ ડાઉનલોડ કરતા જ ત્રણ બેંક એકાઉન્ટમાંથી રૂપીયા ગયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના કોબા રહેતા મીકેનીકલ એન્જીનિયર સાથે રૂ.૩.૬૧ લાખની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ગુગલમાં સર્ચ કરી માય મંત્રાના કસ્ટમર કેર નંબર મેળવ્યો હતો.

એન્જીનિયરે ઓનલાઈન પેમેન્ટ અંગે માહિતી માંગતા માય મંત્રાના અધિકારી તરીકે ઓળખ આપી સામેવાળી વ્યકિતએ રસ્ટ ડેસ્ક રીમોટ ડેસ્કટોપ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી.ત્યારબાદ મોબાઈલનું મોનીટરીંગ તેન હાથમાં લઈ ફોન પે યુપીઆઈ-નેટબેકીંગ દ્વારા એચડીએફસી બેંકના ત્રણ વિવિધ એકાઉન્ટમાંથી ગણતરીના સમયમાં રૂ.૩.૬૧.૪૦૭ ની છેતરપિંડી થતા યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર કોબા સત્યમેવ સુર્યા એ.૫૦૩ ખાતે બ્રિજેશ દશરથભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. યુવક અમદાવાદ ચાંગોદર ખાતે આવેલી બેક્ષટર ફાર્મા સ્યુટીકલ કંપનીમાં મીકેનીકલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. બ્રિજેશભાઈને એચડીએફસી બેંકમાં ત્રણ એકાઉન્ટ આવેલા છે.

ગત તા.૯-૪-૨૩ ના રોજ ઓનલાઈન મંત્રા એપ્લીકેશનમાંથી બ્રિજેશ પટેલે દિકરી માટે ટી-શર્ટનો ઓનલાઈન ઓર્ડર કર્યો હતો. જયારે તેઓ બપોરે ઘરે હતા તે સમયે ટીશર્ટ આવી જતા પેમેન્ટ અંગે કેશ ઓન ડીલીવરીની જગ્યાએ ઓનલાઈન પેમેન્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ તેઓએ માય મંત્રા કસ્ટરમર કેર નંબર પર વાત કરતા કોલ ફોરવર્ડ કરી ઓનલાઈન પેમેન્ટની માહીત માંગી હતી. જેથી સામેવાળી વ્યકિતએ વાતચીત કરીને રસ્ટ ડેસ્ક રીમોટ ડેસ્કટોપ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ મોબાઈલનું સંચાલન સામેવાળી વ્યકિતના હાથમાં જતુ રહ્યું હતું. જેથી તે વ્યકિતએ ફોન પે, યુપીઆઈ-નેટબેંકીગ દ્વારા ત્રણ બેંક એકાઉન્ટમાંથી રૂ.૩. ૬૧. ૪૦૭ ડેબીટ કરી છેતરપિંડી આચરી હતી. જેથી સામેવાળી વ્યકિતને કોલ કરતા ફોન કટ કરી દીધો હતો. જેથી એન્જીનિયર યુવકે ૧૯૩૦ પર કોલ કરી સાયબર સેલને જાણ કરતા રૂ.૧.૬૭ લાખ હોલ્ડ થયા છે.જયારે બાકીના રૂ.૧.૯૪ લાખ હોલ્ડ થયા નથી. ટીશર્ટના ઓનલાઈન પેમેન્ટમાં યુવકે રૂ.૩.૬૧ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. યુવકે છેતરપિંડી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



પૂ. મોરારીબાપુના આગમનથી ગાંધીનગરમાં પુનઃ ધાર્મિક માહોલનું નિર્માણ થશે. ઘણા વર્ષોના અંતરાલ બાદ પાટનગરમાં રામકથાનું આયોજન કરવામાં આવ્યુ હોવાથી તેની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. હાલમાં ઉનાળો આકરો હોવાથી તેને અનુલક્ષીને ભાવિકો માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધતાં સામાન્ય જન-જીવન પર વિપરીત અસરો જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં વીજમાંગમાં વધારો થવા પામ્યો છે.

● જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણ સમિતિની બેઠક યોજાશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પદાધિકારીઓ અને મુલાકાતીઓ આવતા ન હોવાથી તંત્રમાં પણ સન્નાટો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઉંદરો વધુ જોવા મળી રહ્યા છે.

● દહેગામના લહેરીપુરા કંપાના બાજરીના ખેતરમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો.

● દહેગામ શહેરમાં લારી મુકવાને લઈ બે પક્ષો વચ્ચે બખેડો થતાં નગરમાં ચર્ચાએ જોર પકડ્યું.

● દહેગામમાં ફ્લેટના પાર્કિંગમાંથી બાઈક ચોરાયાની ઘટના નોંધાઈ છે.

● ઉવારસદ ખાતે સ્વામિનારાયણ મંદિરના રજત શતાબ્દી મહોત્સવ અંતર્ગત મહાસભાનું આયોજન કરાયુ હતુ.

● ચાંદીસણા ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરે તા. ૮ થી ૧૦ મે દરમ્યાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગર શહેરમાં વિકાસના કામોમાં ગતિ ધીમી પડી હોવાની ચર્ચાઓ જાગી છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના થઈ રહેલા વિકાસને અને વધતા જતા વસ્તીના ભારણને ધ્યાને રાખી સીટી બસની સેવાઓ શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે.

● શહેરમાં જિલ્લાની કચેરીઓ તેમજ સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.

● ગ્રામ્ય વિસ્તારમાં તલાટીઓ નિયમિત મળતા ન હોવાથી ગ્રામજનોને આવકના દાખલા સહિતની કામગીરી માટે તકલીફો પડી રહી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત ત્રીજા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગરમીના પ્રકોપને પગલે છાશ-આઈસક્રીમની માંગમાં વધારો થવા પામ્યો છે.

● ચંદ્રાલા ખાતે કડવા પાટીદાર નિવૃત્ત કર્મચારી સંગઠ્ઠનનું અધિવેશન યોજાયુ હતુ.

# ઘ-૦ થી રીલાયન્સ સર્કલ તરફ ઈન્ફોસીટીના ગેટ પાસે કાર-એકટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર,તા.૮

રીલાયન્સ સર્કલ થી ઘ-૦ તરફ જવાના માર્ગ પર ઈન્ફોસીટીના ગેટના વળાંક પર એકટીવાને કાર ચાલકે ટક્કર મારી હતી. જેમાં એકટીવા ચાલકને આધેડને શરીરે ઈજાઓ થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ તેલગણાના અને હાલ ગાંધીનગર સરગાસણ મેઘમલ્હાર ફલેટ ખાતે રહેતા રાજેશ હરેશભાઈ મોદી પરિવાર સાથે રહે છે અને અમદાવાદ રચના કોર્પોરેશન ખાતે મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓની પાસે એકટીવા નં. ટી.એસ.૦૯.ઈ.પી.-૮૩૭૨ હતું. ગત તા.૭ ના રોજ સવારે ૯ કલાકે નાસ્તો લેવા માટે ઈન્ફોસીટીવાળા માર્ગ પર એકટીવા લઈ જતા હતા. તે સમયે એકટીવા ટીસીએસની સામે વળાંક લઈ રહ્યા હતા. તે સમયે ઘ-૦ તરફથી આવી રહેલા કારનં. જી.જે.૧૮.બી.એસ.-૧૮૩૯ ચલાકે એકટીવાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજેશ મોદી એકટીવા પરથી નીચે પટકાતા ઈજાઓ પહોંચી હતી. તેઓને માથાના ભાગે, ડાબા હાથે અને ઢીંચણના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તે દિકરાને ફોન કરતા આવી જતા તેઓને ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે કાર ચાલક સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વોર્ડ નં.૧ ના નગરસેવક

# અંજના મહેતાએ રોડના ખાડા પુરાણનુ કામ ઝડપી કરવા અધિકારીઓને સુચના આપી



ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૨૫ સહકાર કોલોની, સુર્યનારાયણ સોસાયટી અને કિસાન નગર સેકટર-૨૬, ગ્રીનસીટી સેકટર-૨૬ પાણીની પાઈપ લાઈનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.

જેથી સેકટરના રોડના ખાડાનું પુરાણ ઝડપથી થાય અને કામગીરી દરમિયાન યુટીલીટીને થતા નુકશાનનું કામ ઝડપથી રીપેરીગ થાય તે માટે મહાનગર પાલિકાના મુખ્ય ઈજનેર અને વિભાગના અધિકારીને સ્થળ ઉપર હાજર રાખી ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં.૧ના કોર્પોરેટર અંજનાબેન મહેતાઅને મીનાબેન મકવાણા,પૂર્વ પ્રમુખ તેમજ પૂર્વ નગરસેવકે ગાંધીનગર મહાનગર પાલિકાના અધિકારી કર્મચારીઓને જરુરી સુચનાઓ આપી હતી. સેકટરના પ્રમુખ કૌશીકભાઈ રાવળ પણ હાજર રહ્યા હતા.

જયારે સ્થાનિક વસાહત મંડળના સભ્યોએ પણ ઉપસ્થિત રહી ખાડા પુરાણનુ કામ ઝડપી કરવા રજુઆત કરી હતી.

## સરગઢવ ખાતે પ્રાકુત્તિક ખેતી તાલિમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૦૮

૧૦ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ સરઢવ ગામે મૂખેશ્વર મહાદેવ ના મંદિર ખાતે યોજાયો જેમાં સરઢવ ગામના સરપંચ શ્રી કિરીટભાઈ પટેલ,ઉપ સરપંચ શ્રી અશોકભાઈ પટેલ ,તાલુકા પંચાયત સદસ્ય શ્રી દિપકભાઈ પટેલ,સેવા સહકારી મંડળી ના પ્રમુખ શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, દૂધ ઉત્પાદક મંડળી ના પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ તેમજ ગામ માંથી બહુ મોટી સંખ્યા માં પધારેલા ખેડૂત મિત્રો ને ગામ ના ગ્રામસેવક શ્રી મુકેશભાઈ સથવારા એ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અને આવનારા આ વિસ્તાર માંથી ઝુમ્બેશ ના ભાગ રૂપે પ્રાકૃતિક ખેતી ખેડૂતો કરતા થાય જેનાથી જીવ સૃષ્ટી નું સંતુલન જળવાય ખુશ ખુશાલ જીવન ના આધાર સ્તંભ સમાન પ્રાકૃતિક ખેતીને વેગ મળે એવા પ્રયાસો હાથ ધરાયા

# લેકાવાડા સરકારી પ્રાથમિક શાળા ખાતે આર્ય કિશોર શિબિર



ગાંધીનગર, તા.૦૮

લેકાવાડા ખાતે સરકારી પ્રાથમિક શાળામાં નિઃશુલ્ક આર્ય કિશોર શિબિરના સતત ત્રીજા દિવસે મિલાપ ટાટારિઆએ બાળકો સાથે વિશેષ મુલાકાત લીધી હતી. તેમણે નદી-પર્વત, દડા ફેંક, સ્પાઇડર વોકિંગ જેવી અનેક રમતો બાળકોને રમાડી હતી. રમતો રમતાં પૂર્વે રાઉન્ડ દોડ તથા હળવી કસરતો પણ કરાવી હતી. નાનચાકુ ચલાવવાનું નિદર્શન પણ તેમણે બતાવ્યું હતું સાથે માર્શલઆર્ટ શા માટે શીખવું જોઈએ તથા ક્યાં અને ક્યારે તેનો ઉપયોગ કરી પોતાનું રક્ષણ કરી શકાય તે વિષય પર બાળકોને જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. મુખ્ય સંયોજક મહેન્દ્ર મુનિએ અગાઉના સત્રના પાઠનું પુનરાવર્તન કરી હવન શા માટે કરવો જોઈએ તે સમજાવી હવન કરવાના અનેક ફાયદાઓ પણ જણાવ્યા હતા.

# કોબા નર્મદા કેનાલ રોડ પર કારે બાઈકને ટક્કર મારતા ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૮

ટોરેન્ટ પાવરના કર્મચારી નોકરી પુરી કરીને નરોડા ઘરે જઈ રહ્યા હતા તે સમયે કોબા નર્મદા કેનાલ માર્ગ પર પાછળથી કારે ટક્કર મારતા કર્મચારી નીચે પટકાતા શરીરે ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે કર્મચારીએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-અમદાવાદ તરફ જવાના માર્ગો પહોંળા અને ચકાચક બની જતા વાહન રોકેટ ગતિએ દોડતા હોય છે. જેને પગલે રોજ આ માર્ગ પર નાના મોટા અકસ્માતના બનાવ બનતા રહે છે. અમદાવાદ નરોડા હેવન હાઈટ્સ ખાતે રહેતા મનહરભાઈ ખોડીદાસ ચાવડા ગાંધીનગર ટોરેન્ટ પાવર ખાતે ફરજ બજાવે છે.ગતરોજ નોકરી પુરી કરીને તેઓ ઘરે બાઈક નં. જી.જે.૦૯.સી.આર.-૨૭૫૬ લઈને પરત જઈ રહ્યા હતા. તે સમયે કોબા નજીક નર્મદા કેનાલવાળા રોડ પર પાછળથી ગાડી નં.જી. જે. ૧૮.બી. એફ. ૧૫૭૦ ના ચાલકે ટક્કર મારી અકસ્માત સર્જયો હતો.જમાં બાઈક પર સવાર મનહરભાઈ નીચે પડી જતા શરીરે ઈજાઓ પહોંચી હતી. તેઓને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં પગના નળાના ભાગે ફ્રેકચરનું નિદાન થયું હતું. બનાવ અંગે મનહરભાઈએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

## નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાન

ગાંધીનગર, તા. ૮

નેચર ફર્સ્ટ દ્વારા ૯૧માં શનિવારે જીઈબી પાસે ભીડભંજન હનુમાનજી મંદિર પાસે પ્લાસ્ટિકનો કચરો વીણવાનું અભિયાન કરવામાં આવ્યું હતું.

## શ્રી ડભોડિયા હનુમાનજી

# મંદિર શનિવારે રાત્રે ૧૨ વાગ્યા સુધી ખુલ્લું રાખવાના નિર્ણયને ભક્તોએ આવકાર્યો

ગાંધીનગર, તા.૦૮

સુપ્રસિદ્ધ શ્રી ડભોડિયા હનુમાનજી મંદીરમાં નવા ટ્રસ્ટ્રી મંડળનો શનિવારે રાત્રે ૧૨ વાગ્યા સુધી ખુલ્લુ રાખવાના નિર્ણયને ભક્તોએ આવકાર આપ્યો દર શનિવારે ડભોડા મંદિરે સાઈટથી ૭૦ હજારથી વધુ ભક્તો વહેલી સવારથી ચાર વાગ્યા સુધી મોડી રાત સુધી દર્શન કરવા આવતા હોય છે મંદિરમાં પૂજારી ફરજ બજાવતા સ્વયંસેવકો કર્મચારીઓ જુદી જુદી ત્રણ ત્રણ મુજબ કામગીરી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે નવા ટ્રસ્ટ્રી મંદિરે શનિવારે ચાર્જ સંભાળીલીધા બાદ કાર્યભાર નો પ્રારંભ કયો મંદિરના અનેક નિયમોમાં ફેરફાર કરીને સુધારા કરવાની શરૂઆત કરી દીધી છે રાત્રે આવતા શનિવારે અસંખ્ય ભક્તોની સૌથી મોટી સમસ્યા ૧૦ શનિવારે રાત્રે ૧૦:૦૦ વાગે મંદિરને બંધ કરવાનો નિયમ હતો.




આ નિયમમાં ફેરફાર કરીએ હવેથી રાત્રે બાર વાગ્યા સુધી મંદિરમાં ભક્તો દર્શન કરી શકશે દર શનિવારે ડભોડા મંદિરે૬૦ થી૭૦ હજારથી વધુ ભક્તો વહેલી સવારથી મોડી ૪:૦૦ વાગ્યા સુધી રાત્રે દર્શન કરવા આવતા હોય છે જેમાં નોકરીયા તો ધંધા રોજગાર કર્મચારીઓ સમય મળે ત્યારે દાદાના દર્શને આવતા હોય છે હવે રાત્રે ૧૨ વાગ્યા સુધી દર શનિવારે મંદિર દર્શન માટે ખુલ્લું રાખવાનો આવકારદાયક નિર્ણય કરી દેવાયો છે. પૂજારી અને અન્ય કર્મચારી સ્વયંસેવકો હવે ત્રણ સીટ અલગ અલગ મુજબ કામગીરી સોંપવાનું આવનાર હોવાની વિગતો જાણવા મળે છે

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

**Extract of Audited Financial Results for the Quarter and Year Ended March 31, 2023**

( ₹ in Crores)

| Particulars | Standalone | | | | Consolidated | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Year Ended | | Quarter Ended | | Year Ended | |
| | March 31, 2023 | March 31, 2022 | March 31, 2023 | March 31, 2022 | March 31, 2023 | March 31, 2022 | March 31, 2023 | March 31, 2022 |
| Total Income from Operations | 4,418 | 3,588 | 14,449 | 12,505 | 4,896 | 4,169 | 16,401 | 14,866 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 166 | 199 | 684 | 435 | 104 | 157 | 551 | 511 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items). | 220 | 199 | 738 | 499 | 212 | 157 | 642 | 696 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 152 | 144 | 531 | 350 | 140 | 115 | 435 | 535 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 163 | 174 | 484 | 386 | 151 | 155 | 379 | 579 |
| Equity Share Capital (Face Value of Rs. 2 each) | 32 | 30 | 32 | 30 | 32 | 30 | 32 | 30 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | 5,287 | 4,907 | | | 4,688 | 4,249 |
| Earnings Per Share of Rs. 2 each (not annualised) (Rs.) (for continuing and discontinued operations) | | | | | | | | |
| a) Basic | 9.36 | 8.86 | 32.69 | 21.57 | 9.74 | 7.19 | 29.06 | 36.28 |
| b) Diluted | 9.36 | 8.86 | 32.69 | 21.57 | 9.74 | 7.19 | 29.06 | 36.28 |

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 08, 2023. The same have also been subjected to Audit by the Statutory Auditors.

3 The Ahmedabad bench of Hon'ble National Company Law Tribunal (NCLT) has approved the Scheme of amalgamation ('the Scheme') of JMC Projects (India) Limited ('JMC') with the Company and their respective shareholders vide its Order dated December 21, 2022. A certified copy of the Order was filed with the Registrar of Companies on January 04, 2023 and the scheme became effective. The appointed date as per the Scheme is April 1, 2022. Consequently, the Company has alloted 1 (one) equity shares of Rs. 2/- each credited as fully paid up shares of the Company for every 4 (four) equity shares of Rs 2/- each to shareholders of JMC, except to the Company, whose names are recorded in the register of members on January 11, 2023 ('Record date').

Place : Mumbai
Date : May 08, 2023

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants. b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.